મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૪ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ગૃહિણીઓએ આરંભ્યો ગૃહઉદ્યોગ

કોરોના કાળમાં સતત ઘરમાં રહેતી ગૃહિણીઓએ બેકરીની આઈટમ તથા ઘરગથ્થુ નાસ્તા બનાવવાનું શરૂ કર્યું

ગાંધીનગર, તા.૩૦

હાલના દિવસોમાં કોરોનાને કારણે ઘરની બહાર જવું કે નહીં તે એક મોટો પ્રશ્ન બની રહ્યો છે ત્યારે ઘરે રહીને ગૃહિણીઓએ પોત પોતાનો નાનો અમથો બિઝનેસ શરૂ કરી દીધો છે જેમાં ખાસ કરીને બેકરી આઇટમ અને નાના મોટા ઘરે બનાવેલા નાસ્તા ઓન ડિમાન્ડ છે. લૉકડાઉન થયા ત્યારથી જ શહેરની ઘણી ગૃહિણીઓએ પોતપોતાના એક્સ્ટ્રા સ્કીલ ડેવલોપમેન્ટ પર ધ્યાન આપીને કઈક નવુ કરવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે આ બધી જ ખાદ્ય વસ્તુઓ વેચીને ગૃહિણીઓ એ ઘણી આવક કરી લીધી છે. જેમાં સોશિયલ મીડિયાનો સંપૂર્ણ સાથ રહ્યો હોય તેવું આ ગૃહિણીઓનું કહેવું છે.

કોરોનાના કારણે ઘણા શહેરીજનોના એક્સ્ટ્રા ડેવલોપિંગ સ્કીલ ને એક સીડી મળી છે. તેમાં ઘણી ગૃહિણીઓએ પોતાની ટિફિન સર્વિસ શરૂ કરી છે તો ઘણા એ કેક બેકિંગ ક્લાસ ખોલ્યા છે. ઘણી ગૃહિણીઓ અને યુવતીઓ એ હોમ બેકિંગ શરૂ કર્યું છે. દિવાળી અને બર્થ ડે તથા બેબી શાવર જેવા પ્રસંગે આ હોમ બેકિંગ અને ફૂડ પ્રોવાઈડ કરનાર પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ શહેરીજનો રાખી રહ્યા છે. જેનું ખાસ કારણ છે કોરોનાના લીધે નો ડર. દુકાનમાં થી કેક, કપ કેક, ચોકલેટ કે બિસ્કીટ ખરીદવાને બદલે હોમ મેડ અને તાજા ખરીદવાનો આગ્રહ શહેરીજનો રાખી રહ્યા છે. આ ગૃહિણીઓ કપ કેક કુકીઝ જેવી ખાદ્યચીજ વસ્તુઓ બનાવીને હોમ ડિલિવરી કરી આપે છે. આ ઉપરાંત આ વર્ષે દિવાળીમાં પણ ગિફ્ટ બોક્સ માં ઘરે બનાવેલી મીઠાઈ કે કૂકીઝ સાથે કપકેક નો ક્રેઝ વધુ હતો. ગિફ્ટ પણ હવે આવી જ રીતે ઘરમાં બનાવવામાં આવે છે જેથી ગ્રાહકો સંપૂર્ણ રીતે કસ્ટમાઈઝ કરી શકે છે.

આ તમામ ગૃહિણીઓ અને યુવતીઓ પોતાના બિઝનેસનું માર્કેટિંગ સોશિયલ મીડિયા દ્વારા કરી રહ્યા છે જેને કારણે તેમના સગા સંબંધી ઉપરાંત શહેરના તમામ જોડાઈ શકે. આ ઉપરાંત શહેરની બહાર પણ તેમને ઓર્ડર મળી શકે. હવે સોશિયલ મીડિયાનું માર્કેટિંગ સૌથી સરળ બની રહ્યું છે અને આમ પણ લોકડાઉનમાં જે સોશિયલ મીડિયા સાથે જોડાયેલા ન હતા તેઓ પણ હવે સોશિયલ મીડિયાનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે ત્યારે વેચનાર અને ખરીદનાર બંને માટે સોશિયલ મીડિયાથી આ તમામ ઉદ્યોગો સુધી પહોંચવું સરળ બન્યું છે.

આજે મહિલાઓ ધારે તો શું ન કરી શકે તે આ ગૃહ ઉદ્યોગો ના વધતા પ્રમાણને જોઈને કહી શકાય છે. બેકિંગની વસ્તુઓ ઉપરાંત આજે હોમ મેડ ખાખરા બિસ્કીટ, બ્રેડ, પુરી જેવા કોરા નાસ્તા સાથે ઘણી બધી ચીજવસ્તુઓનું વેચાણ શહેરની ગૃહિણીઓ ઘરેથી જ કરતી થઈ છે.જેમાં તેમને પોતાના વિલ પાવર સિવાય કોઈની પણ મદદની લગભગ જરૂર પડતી નથી. અમુક ગૃહિણીઓએ તો કોરોના ગ્રસ્ત દર્દીઓ માટે ટિફિન બનાવવાના પણ શરૂ કર્યા છે જે કોરોના સમયે પોતાના પરિવારથી દૂર રહીને પણ દરરોજ ઘર જેવું જમવાનું જમી શકે છે. આ રીતે શહેરની ઘણી દ્વારા કમાણી કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે.

સેક્ટર-૩૦ ગુરૂદ્વારા ખાતે ગુરૂનાનક જયંતિની ઉજવણી માસ્ક, સેનેટાઈઝરના ઉપયોગ અને સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે કરવામાં આવી હતી. ગુરૂનાનક દેવ સાહેબના ૫૫ માં પ્રવેશોત્સવ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ભાવિકો કોવિડ ગાઈડલાઈન મુજબ હાજર રહ્યા હતા.

સે-૧૫માંથી દારૂ પીધેલા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

સેક્ટર-૧૫ ફતેપુરા ખાતેથી બે યુવકો દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા હતા. સેક્ટર-૭ પોલીસનો સ્ટાફ રવિવારે સાંજે પેટ્રોલિંગમાં હતો ત્યારે બે શખ્સો દારૂ પીધેલી હાલતમાં મળ્યા હતા. જેને પગલે પોલીસે તેઓના નામ પૂછતાં તે સેક્ટર-૨૪નો મુકેશ પ્રહલાદભાઈ માજીરાણા (૩૨ વર્ષ, રહે-સે-૨૪ ઈન્દિરાનગર, મકાન નં-૯૭) તથા સેક્ટર-૨૬ કિશાનનગરનો અર્જૂન પદમાજી ભાટી (૩૩ વર્ષ, રહે- પ્લોટ નં-૨૭-૬, કિશાનનગર) હોવાનું સામે આવ્યુ હતું તેને પગલે પોલીસે બંને યુવકો સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરમાં ગુરુ નાનકદેવજીનું ૫૫૧મું પ્રકાશ પર્વ શ્રદ્ધાપૂર્વક ઉજવાયું

સે-૩૦ના ગુરૂદ્વારામાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સાથે ભજન-કીર્તન અને પ્રાર્થના યોજાઇ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં આજે શીખ ધર્મના સ્થાપક અને પહેલા ગુરુ નાનકદેવજીનું ૫૫૧મુ પ્રકાશપર્વ કોવિડ-૧૯ની ગાઈડલાઇનના પાલન સાથે શ્રદ્ધાપૂર્વક ઉજવાયું હતું. શહેરના સેક્ટર-૩૦માં સ્થિત ગુરુદ્વારા ખાતે આજે સવારે અને સાંજે એમ બે સમય ભજન-કીર્તન અને પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના શીખ સમુદાયે ભાગ લીધો હતો.

આજે સેક્ટર-૩૦ ખાતેના ગુરૂદ્વારામાં આજે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન કાર્તિક પુનમે ગુરુ નાનકદેવજીના ૫૫૧માં પ્રકાશ પર્વ નિમિત્તે ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવું હતું. આ ભજન-કિર્તનમાં શહેરના શીખ સમુદાયના પરિવારો કોવિડ-૧૯ને અનુલક્ષીને માસ્ક પહેરીને તથા સોશિયલ ડિસ્ટન્સ સાથે જોડાયા હતા. ભજન-કીર્તનના સમાપને સૌએ સાથે મળીને કોરોના મહામારી ઝડપથી દૂર થાય અને સૌનું સ્વાસ્થ્ય સારું થાય તે માટે પ્રાર્થના કરી હતી. પ્રાર્થના પછી પ્રસાદી વિતરણ યોજાયું હતું જેમાં પણ તમામે શિસ્તબદ્ધ રીતે સોશિયલ ડિસ્ટન્સ જાળવી પ્રસાદી ગ્રહણ કરી હતી. આજે સાંજે ફરી ૬.૩૦ કલાકે ભજન-કીર્તનનો કારક્રમ યોજાયો હતો. ગુરુ નાનકદેવજીની જન્મજયંતી નિમિત્તે શહેરના શીખ પરિવારોના અબાલવૃધ્ધ સૌ કોઈએ ગુરૂદ્વારામાં આજે માથું ટેકવ્યું હતું અને ગુરુદેવના આશીર્વાદની કામના કરી હતી.

પાર્ટી પ્લોટ-હોટલ પાસે પાર્ક કરેલી કારના કાચ તોડી ચોરી કરતી ગેંગનો એક ઈસમ ઝડપાયો

એલસીબી-૨ પોલીસે એપોલો સરકાર પાસેથી રૂ.૪૦ હજારના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી લીધો : આરોપીએ પત્ની અને અન્ય સાગરીત સાથે મળીને કરેલી ચાર ચોરીના ગુના કબૂલ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના અડાલજ આસપાસના વિસ્તારમાં પાર્ટીપ્લોટ તેમજ હોટેલના પાર્કિંગમાં મૂકેલા વાહનોમાં કારના કાચ તોડીને ચોરી કરતી ગેંગના એક ઈસમને આજે જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ-૨ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. આ ઈસમ ઝડપાતા આ વિસ્તારના ચાર ગુનાનો ભેદ ઉકેલાયો છે. આરોપી પાસેથી પોલીસે એક સ્કૂટર તેમજ રૂ.૨૦ હજાર રોકડા મળીને કુલ રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી-૨ના અધિક હેડ કોન્સટેબલ હસમુખભાઈ હેમુભાઈ તથા આસી.પોલીસ કોન્સટેબલ સચિનસિંહ સતુજીને મળેલ બાતમીના આધારે ફોર્ચ્યુન હોટેલ બહારથી કેતા ગાડીનો કચ તોડીને રૂ.૩.૪૦

લાખની ચોરીમાં ઉપયોગમાં લેવામાં આવેલ સુઝુકી એક્સેસ નં. જીજે૧૮-સીજી-૦૭૭૭ સ્કૂટર એપોલો સર્કલ નજીકથી નર્મદા કેનાલ પરથી પસાર થવાનું છે. જેની વોચ રાખીને આ સ્કૂટર લઈને પસાર થઈ રહેલા ઈસમ વિવેક ઉર્ફે ગુડ્ડુ વિશાલભાઈ મોહનલાલ રાઠોડ (સાસી-છારા) ઉ.વ.૨૮ રહે.મહાજનીયા વાસ, નાનું છારું, છારા નગર, રામજી મંદીરની બાજુમાં નરોડા પાટિયા, અમદાવાદને ઝડપી તેની ઊંડાણપૂર્વક પૂછપરછ કરતાંચાર ગુનાનો ભેદ ઉકેલાયો છે. આ ચાર ગુનામાં તેણે પોતાની પત્ની જૈમિની, મિત્ર હેમંત ચૌધરી ઉર્ફે મજનું તથા કાજલબેન મિતેશ પાનવેકર વગેરે મળીને ફોર્ચ્યુન હોટલ બહાર પાર્ક કરેલ ગાડીઓની રેકી કરી એક ક્રેટા ગાડીનો ડાબી તરફનો કાચ ડિસમિસથી તોડી એક બેગની ચોરી કરી હતી આ સાથે તેમણે ૨૦૧૭માં સુઘડના મનહર પાર્ટી પ્લોટ પાસે હુંડાઈ કંપનીની સફેદ કારમાથી આશરે રૂ. ૭૦ હજાર રોકડા ભરેલી એક મરૂન કલરની બેગની ઉઠાંતરી કરી હતી અને ૨૦૧૬માં રાત્રિના સમયે શગુન ફાર્મના પાર્કિંગમાં એક આઈ-૧૦ કારનો પાછળના દરવાજાનો કાચ તોડી ગાડીમાંથી આશરે રૂ.૧૦ હજાર ભરેલા બે પર્સની અને શ્રીનાથ પાર્ટી પ્લોટ પાસેના સર્વિસ રોડ પર પાર્ક કરેલ સફેદ આર્ટિગા ગાડીનો કાચ તોડી આશરે રૂ.૪૦ હજાર રોકડા ભરેલી બેગની ચોરીની કબૂલાત કરી છે. આ સાથે આરોપીનો નરોડા પાટિયા પોલીસ સ્ટેશને નોંધાયેલો ગુનાહિત ઈતિહાસ પણ શોધી કાઢવામાં આવ્યો છે.

માસ્ક વિના ફરતા નાગરિકો સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

છાલા ખાતે ભાગોળ વડલા પાસે માસ્ક વગર ફરતાં ગામના દશરથમિયાં હમીરમિયાં ચૌહાણ (૩૯ વર્ષ), ચિલોડા સર્કલ પાસે દાબેલીની લારી પર ભીડ ભેગી કરી સેનિટાઈઝેશનની વ્યવસ્થા ન કરીને માસ્ક વગર વેચાણ કરતાં કનૈયા ભવરલાલ જટીયા (રહે- મોટા ચિલોડા), ડભોડા ગામે ભાગોળની નજીક ચાની લારી પર સોશિયલ ડિસ્ટન્સ ન જળવાતા અમરતજી રમણજી પરમાર (૫૪ વર્ષ, અંબિકાસાયકલ વર્કસની સામે, ડભોડા), પેથાપુર ચોકડી પાસે રીક્ષામાં વધુ પેસેન્જર બેસાડીને સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરનાર રીક્ષા ચાલક તેજમલ મણાભાઈ રબારી (૩૦ વર્ષ, રહે-રબારીવાસ, પીંડારડા), બીજી તરફ બીજો રીક્ષા ચાલક સંજયસિંહ જશવંતસિંહ ડાભી (રહે-બોળીયુ તળાવ, પેથાપુર) પણ વધુ પેસેન્જર બેસાડીને નિયમનો ભંગ કરતા તેની સામે ગુનો નોંધાયો હતો. બીજી તરફ રાજુજી સોમાજી ઠાકોર (નવો પગીવાસ, પેથાપુર) પણ વધુ પેસેન્જર બેસાડીને જતા પકડાતા પોલીસે ગુનો નોંધ હતો. સે-૮ જતા ખુણામાં ગલ્લા પાસે જાહેરમાં માસ્ક વગર ફરતા અને સીગારેટ પિતા રઘુ કનુભાઈ દંતાણી (૩૮ વર્ષ, રહે- સે-૮ છાપરા) સામે પણ ગુનો નોંધાયો હતો.

કોરોના કસોટીનો જંગ જીતવા કૃષ્ણસેવા અને કર્મ કરો : પૂ.વ્રજકુમારજી

સે-૨૧માં ગોવર્ધનનાથજીની હવેલી ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

કોરોના મહામારીની કસોટી જીતવા માટે કર્મ કરો અને કૃષ્ણસેવા કરો તેવું આહવાહન જાણીતા વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજકુમારજીએ શહેરના વૈષ્ણવ યુવાનોને કર્યું હતું. ગાંધીનગરમાં રવિવારે બપોરે સેક્ટર-૨૧માં ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનનો શપથવિધિ વિધિ સમારોહ યોજાયો હતો જેમાં વૈષ્ણવાચાર્ય પૂ. વ્રજકુમારજી મહોદયે ઉપસ્થિત રહી યુવાનોને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શહેરના મેયર રીટાબેન પટેલે પણ ઉપસ્થિત રહી વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનના યુવાનોએ કોરોના કાળ દરમાયન કરેલી સેવકીય પ્રવૃતો બદલ બિરદાવ્યા હતા.

રવિવારે બપોરે સેક્ટર-૨૧માં ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે પૂ. વ્રજકુમારજી દ્વારા

સ્થાપિત વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનના ગાંધીનગર શાખાના હોદ્દેદારોનો શપથવિધિ વિધિ સમારોહ યોજાયો હતો. વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનની સમગ્ર દેશમાં ૫૦ શાખાઓ અને વિદેશના ૧૫ જેટલા શહેરોમાં પણ શાખાઓ કાર્યરત છે જે ભારતીય સંસ્કૃતિનું સંવર્ધન અને સંરક્ષણ થાય તેમજ માણવકલ્યાણલક્ષી પ્રવૃતિઓ કરી રહી છે. જે અંગે માહિતી આપતા પૂ. વ્રજકુમારજી મહોદયે વીવાયઓ દ્વારા કોરોના કાળમાં જરૂરિયાતમંદ પરિવારો, શ્રમજીવીઓ, કલાકારો, કથાકારો અને નિરાધાર વિધવા મહિલાઓ માટે અનાજ-કરિયાણાની કીટ અને તબીબી સહાય મોટા પ્રમાણમા પૂરી પાડવામાં આવી હતી જેની માહિતી આપી હતી. આ સાથે સંસ્થા દ્વારા વડાપ્રધાનના કોરોના રાહત ફંડમાં પણ રૂ. ૫૧ લાખ અને મુખ્યમંત્રીના કોરોના રાહત ફંડમાં રૂ.૨૫ લાખની સહાય પૂરી પાડવામાં આવી હોવાનું જણાવ્યુ હતું.

ગાંધીનગરમાં વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનની શાખાના પ્રારંભે પ્રભારીપદે જશવંત ગાંધી, પ્રમુખપદે ડો.પ્રદીપ ગગલાની, મહિલા પાંખના પ્રમુખપદે ડો. નીતાબેન શેખાત, યુવા પાંખના પ્રમુખપદે ડો.હાર્દિક તલાટી તેમજ અન્ય હોદ્દેદારોને પૂ.વ્રજકુમારજીએ શપથ ગ્રહણ કરાવ્યા હતા. શપથવિધિ સમારોહના સમાપને તેમણે મંદિર ખાતે નવનિર્મિત લિફ્ટનું પણ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વૈષ્ણવોએ અન્નકૂટ મનોરથના દર્શન કર્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડો. પ્રદીપ ગગલાની, ઉપપ્રમુખ જશવંત ગાંધી, મહામંત્રી કિરીટભાઈ સોની અને વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનના મહામંત્રી મૌલિક પરીખે જહેમત ઉઠાવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાણા વિદ્યાબેન દશરથભાઈ, ઉ.વ. ૮૧, સેક્ટર-૧૨, ગાંધીનગર
- સ્વ. અરૂણભાઈ કેશવલ શેલાર, ઉ.વ. ૩૦, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પુંજીબેન ઉદાજી ઠાકોર, ઉ.વ. ૬૭, બાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મહેશકુમાર રામેશ્વરભાઈ ભટ્ટ, ઉ.વ. ૫૬, સેક્ટર-૪, ગાંધીનગર
- સ્વ. પટેલ કનુભાઈ સોમાભાઈ, ઉ.વ. ૫૬, વસ્ત્રાલ, અમદાવાદ
- સ્વ. ગોસ્વામી રમેશગર પ્રભાતગર, ઉ.વ. ૫૯, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. પટેલ શાન્તાબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભાવસાર પ્રવિણભાઈ શંકરલાલ, ઉ.વ. ૭૨, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મનુજી કેશાજી, ઉ.વ. ૩૮, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. અનિલકુમાર કનૈયાલાલ જોષી, ઉ.વ. ૬૮, સેક્ટર-૭, ગાંધીનગર
- સ્વ. ધર્મિષ્ઠાબેન બાબુલાલ વાળંદ, ઉ.વ. ૬૦, રખિયાલ, તા. દહેગામ, ગાંધીનગર
- સ્વ. ચમનભાઈ વાઘાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૮, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. વાઘેલા શૈલેષસિંહ અજયસિંહ, ઉ.વ. ૪૪, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. ગોપાલદાસ છગનલાલ ચગ, ઉ.વ. ૭૯, સેક્ટર-૩, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પટેલ જસ્મીન રમણલાલ, ઉ.વ. ૪૨, વાવોલ, ગાંધીનગર
- સ્વ. પરમાર આંબાભાઈ શંકરભાઈ, ઉ.વ. ૯૫, સેક્ટર-૧૪, ગાંધીનગર
- સ્વ. ગુર્જર કમુબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૭૨, સરગાસણ, જી. ગાંધીનગર
- સ્વ. બારોટ વિષ્ણુભાઈ ચીમનલાલ, ઉ.વ. ૬૭, સોજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પરમાર જશુભાઈ માનાભાઈ, ઉ.વ. ૮૦, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ શાંતાબેન દશરથભાઈ, ઉ.વ. ૬૦, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. રમીલાબેન ભીખાભાઈ પટેલ, ઉ.વ. ૫૯, કોલવડા, જી. ગાંધીનગર
- સ્વ. લક્ષ્મીદાસ પીતાંબર અડક્કાર, ઉ.વ. ૮૭, સેક્ટર-૮, ગાંધીનગર
- સ્વ. કટોસણા નરેશભાઈ ચંપકલાલ, ઉ.વ. ૬૪, માણસા, જી. ગાંધીનગર